# ચિલોડામાં કોંગ્રેસ દ્વારા ખાતર માટે જનતા રેડ

## ચિલોડામાં પ્રદેશ કોંગ્રેસ પ્રમુખની ઉપસ્થિતિમાં જનતા રેડ : ખાતર કૌભાંડ આદરી ખેડૂતના સરેરાશ રૂ. ૧૪ સરકાર લૂંટી રહી છે : ચાવડા







ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેર નજીક આવેલ ચિલોડા ગામે આજે ખાતરના મુદ્દે જનતા રેઈડ ખાતર વિતરણ કેન્દ્રો પર કરતાં જિલ્લાના રાજકારણમાં ગરમાવો આવ્યો છે. જનતા રેઈડના યોજાયેલો કાર્યક્રમ પ્રદેશ પ્રમુખ અમીત ચાવડાની ઉપસ્થિતિમાં યોજાયો હતો તેમણે સરકારની ખેડૂત વિરોધી નીતિઓની આકરી ટીકા કરી જણાવ્યુ હતુ કે ખેડૂતો માટે ક્યારેય લાભની વાત વિચારી શકે તેમ છે જ નહિ.

તેમણે જણાવ્યુહતુ કે હતુ કે ખાતરની એક થેલીમાં ઓછુ વજન આપી સરકાર ખેડૂત સાથે સરેરાશ ૧૪ રૂ.ની લૂંટ ચલાવી રહેલ છે.

ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકાર અને તેના મળતીયાઓ એકબાજુ ખેડૂતોના હામી હોવાની ગુલબાંગો પોકારે છે અને બીજી બાજુ જગતના તાત એવા ખેડૂતોના ખીસ્સા ઉપર ખાતરની ચોરીનુ કૌભાંડ કરી કાતર ફેરવી રહ્યા છે. ગુજરાતના ખેડુતોને એક બાજુ એમની ઉપજના પોષણક્ષમ ભાવ નથી મળી રહ્યા તથા ઉનાળુ પિયત માટે કેનલોમાથી મળતુ પાણી બંધ કરવામા આવ્યુ છે. જેમા એક વધારાનુ કૌભાંડ કરી સરકારી ખાતર ઉત્પાદક કંપનીઓ દ્વારા ખાતરની થેલી દીઠ ૩૦૦ થી ૫૦૦ ગ્રામ સુધી ઓછુ ખાતર આપી ખેડૂતોને છેતરવામા આવી રહ્યા છે.

આજરોજ ગાંધીનગર જિલ્લાના મોટા ચિલોડા ખાતે પ્રદેશ પ્રમુખ અમિતભાઈ ચાવડાની આગેવાનીમા જિલ્લા પ્રમુખ સૂર્યસિંહ ડાભી સહીત જિલ્લા કોંગ્રેસના આગેવાનોએ સરકારી કંપનીઓના ખાતરના વેચાણ કેન્દ્રો ઉપર જનતા રેડ કરી હતી. જેમા એગ્રો સેન્ટર ખાતે ડિએપી ખાતરની થેલીઓનુ વજન કરતા દરેક થેલીમા એવરેજ ૫૦૦ ગ્રામ જેટલુ ડિએપી ખાતર ઓછુ નીકળ્યુ હતુ તથા જીએસએફસીના કિશાન કેન્દ્ર ખાતે ખાતરનુ વેચાણ બંધ છે તેવુ લખાણ લખેલ હતુ. એપિએમસી ખાતે આવેલા ગુજકોમાસોલના ખાતરનુ વિતરાણ કેન્દ્ર જાણી જોઈને બંધ કરી દેવામા આવ્યુ હતુ.

આ બાબતે પ્રદેશ પ્રમુખ અમિતભાઈ ચાવડાએ જણાવ્યુ હતુ કે સરકારની ખાતર ઉત્પાદક કંપનીઓ દ્વારા એક થેલી દીઠ ૫૦૦ ગ્રામ ડીએપી ખાતર ઓછુ આપી પ્રત્યેક થેલી દિઠ ૧૪ રૂપીયાની ચોરી કરવામાં આવે છે. ગુજરાતમા દર વર્ષે ખાતરની કરોડો થેલીઓનુ વેચાણ થાય છે. જેને કારણે ગુજરાતમા ખાતર ચોરીનુ અબજો રૂપીયાનુ કૌભાંડ થયુ છે.

# ચિલોડા ખાતે વાહકજન્ય રોગ નિયંત્રણ અંતર્ગત અવેરનેસ બેઠક

ચિલોડા, તા. ૧૦

ઉનાળાની ગરમીમાં રોગચાળા અંગે ગ્રામ્યકક્ષાએ આરોગ્યલક્ષી તકેદારી અને નિયંત્રણ માટે જરૂરી અગમચેતીરૂપે રોગચાળાના અટકાયતી પગલાં કેવી રીતે લેવા તેમજ અખાદ્ય પદાર્થોથી વાકેફ થવા, મચ્છરજન્ય રોગો ડેન્ગ્યુથી બચવા, પોરા અંગે ચિલોડા ગ્રામપંચાયત ખાતે સરપંચ શ્રીમતી વસુમતીબેન પટેલના અધ્યક્ષસ્થાને અવેરનેસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં ગ્રામ પંચાયતના સભ્યો, વિવિધ સમિતિના સભ્યો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પ્રાંતિયાની આરોગ્ય ટીમ, આંગણવાડી, આશાવર્કર બહેનો ફિમેલ હેલ્થ કર્મી વગેરેની ઉપસ્થિતિમાં આરોગ્ય, તંદુરસ્તી, રોગ નિયંત્રણ સાવચેતીના પગલા



આ બેઠકમાં ખાસ વાહકજન્ય રોગો તેમજ પોરા નિદર્શન દ્વારા માર્ગદર્શન અને માહિતી પુરી પાડી હતી.



વાહકજન્ય રોગોના અંકુશના પગલાં સાથે પોરા નિદર્શન દ્વારા સમજણ પુરી પાડી હતી. ખાસ ડેન્ગ્યુ મચ્છર ખોખ્ખા પાણીમાં કેવી રીતે ફેલાય છે તે અંગે પાણીના સ્ત્રોત ઢાંકવા તેમજ અટકાવવા કેવા પગલાં લેવા જોઈએ તેની જાણકારી પુરી પાડી હતી. અંતમાં ચિલોડા ગ્રામ પંચાયતના સભ્ય તેમજ પત્રકાર નટુભાઈ પટેલે ગરમીના દિવસોમાં ખાદ્ય ખોરાક, પાણી અને સ્વચ્છતા અંગે આરોગ્યલક્ષી બાબતોની સમજ પુરી પાડી હતી.

આરોગ્યલક્ષી કાર્યક્રમમાં આરોગ્ય ટીમના પ્રફુલભાઈ પટેલ, દિનેશભાઈ તથા વિશ્વજીતભાઈએ રસપૂર્વક આગામી દિવસોમાં ડોર ટુ ડોર પોરાનાશક તથા પાણીના સ્ત્રોતના ઢાંકણ અંગે જરૂરી કામગીરી હાથ ધરાશે તેવી સૂચના આપી હતી. આ કાર્યક્રમમાં ગ્રામજનોના સહકાર સાથે સમગ્ર વિસ્તારમાં અગમચેતીરૂપે આરોગ્યલક્ષી સઘન કામગીરી આરંભાશે.

# લોકસભા ચૂંટણી માટે કોંગ્રેસે કાર્યકરોની પીઠ થપથપાવી

ગાંધીનગર, તા. ૧૦

ગત માસની ૨૩ તારીખે લોકસભા ૨૦૧૯ની ચૂંટણીઓ યોજાઈ હતી તે ચૂંટણીના લેખાજોખા લેવા માટે તથા ગાંધીનગર જિલ્લા કોંગ્રેસના કાર્યકરો-આગેવાનોએ લોકસભાની ચૂંટણીમા ઉત્સાહ તથા ઉમંગ સાથે જે કામગીરી બજાવી હતી. તેને બીરદાવવા માટે ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિની માસીક કારોબારી બેઠક જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભીના અધ્યક્ષસ્થાને જિલ્લા કોંગ્રેસ કાર્યાલય, સે-૨૨, ગાંધીનગર ખાતે આજરોજ તા.૧૦-૫-૨૦૧૯ શુક્રવારે સવારે ૯ કલાકે યોજાઈ હતી. સદર કારોબારી બેઠકમા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભીએ ગાંધીનગર જિલ્લાના કાર્યકરો-આગેવાનોને તેમણે લોકસભાની ચૂંટણીમા જે કામગીરી બજાવી તેને બીરદાવી હતી. જિલ્લા કોંગ્રેસના કાર્યકરો-આગેવાનોની કામગીરીને બીરદાવતો ઠરાવ કારોબારીમા પસાર કરવામા અવ્યો હતો. સદર બેઠકમા જિલ્લા કોંગ્રેસના આગેવાનો-કાર્યકરો, મહીલા કોંગ્રેસ, યુથ કોંગ્રેસ, એનએસયુઆઈ, એસસી, ઓબીસી મંચ તથા જિલ્લા કોંગ્રેસ સંગઠનના કાર્યકરો-આગેવાનો મોટી સંખ્યામા ઉપસ્થિત રહ્યા હતા.




ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
BRIDGESTONE
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




મિત્રો, અત્યારની પરિસ્થિતિ જોતા આપણી જાતિ હવે ખતરામાં છે... આપણે હવે અનામતની માંગણી કરવા તૈયારી રાખવાની છે.

# સેક્ટર-૨૧ ખાતેથી એકટીવાની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરના સેકટર-૨૧ શાકમાર્કેટ પાસેથી ગત બુધવારના રોજ એકટીવાની ઉઠાંતરી થવા પામી છે. પાર્કીંગમાં એકટીવા મુકીને માત્ર ૧૫ મીનીટમાં શાકભાજીની ખરીદી કરીને પરત આવ્યા હતા. પરંતુ તેટલા સમયમાં તો વાહનચોર ઈસમ ચોરી કરી પલાયન થઈ ગયો હતો. બનાવ અંગે એકટીવા માલિકે સે-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે ગુનોં નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૨૯ ખાતે પ્લોટ નં. ૪૭૮-૨ ખાતે રહેતા સબ્બીર અલી એહમદ અલી કાદરી ગત તા. ૮ ને બુધવારના રોજ સવારના સવાદશ વાગ્યાના અરસામાં પોતાના ઘરેથી એકટીવા નં.જી.જે.૧૮.એ.કે.-૯૪૩૪ લઈને સેકટર-૨૧ શાકભાજીની ખરીદી માટે ગયા હતા. શાકમાર્કેટ સામે આવેલ અધિકૃત પાર્કીંગમાં એકટીવા પાર્ક કરીને તેઓ ખરીદી માટે ગયા હતા. માત્ર ૧૫ મીનીટમાં શાકભાજીની ખરીદી કરીને એકટીવા માલિક પરત ફર્યા હતા.પરંતુ પોતાનું એકટીવા ન જોતા ભુલ થી કોઈ લઈ ગયું હશે તેમ માનીને રાહ જોઈ હતી. પરંતુ કલાકો વિત્યા છતા કોઈ ના આવતા આસપાસ શોધખોળ આદરી હતી પરંતુ એકટીવાનો પત્તો લાગ્યો ન હતો. આખરે એકટીવા માલિકે સેકટર-૨૧ પોલીસ મથકમાં એકટીવા ચોરીની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# એક્સપ્રેસ વે પર ગમખ્વાર અકસ્માતમાં ચારના મોત

અમદાવાદ,તા. ૧૦

અમદાવાદ-બરોડા એક્સપ્રેસ હાઈવેના ફતેહપુરા નજીક સ્વીફ્ટ કારનું ટાયર ફાટતા સર્જાયેલા ગંભીર ગમખ્વાર અકસ્માતમાં ચાર વ્યકિતના ઘટનાસ્થળે જ મોત નીપજતાં ભારે ચકચાર મચી ગઈ હતી. કારનું ટાયર ફાટતાં ઓવરસ્પીડ કાર રેલીંગ તોડીને હાઈવે પરથી નીચે ખાબકી હતી અને જોરદાર રીતે અકસ્માત સર્જાયો હતો, જેમાં કારમાં બેઠેલા પાંચ પુરૂષો પૈકી ચારના કરૂણ મોત નીપજતાં સમગ્ર વિસ્તારમાં ભારે અરેરાટીની લાગણી પ્રસરી ગઈ હતી. જ્યારે એકને ગંભીર ઈજાઓ પહોંચતા તેને સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. ઈજાગ્રસ્ત અને મૃતકોને નડિયાદની સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતાં પોલીસે પણ તાત્કાલિક ત્યાં દોડી આવી સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી હતી.

પાંચેય યુવક મુંબઈથી રાજસ્થાન એક પ્રસંગમાં જઈ રહ્યાં હતા તે દરમ્યાન અમદાવાદ-બરોડા એક્સપ્રેસ હાઈવે પર આ અકસ્માત સર્જાયો હતો. કારમાં સવાર પાંચેય યુવક મુંબઈમાં બિઝનેસ સાથે સંકળાયેલા હતા અને મુંબઈથી જ સીધા રાજસ્થાન એક પ્રસંગમાં હાજરી આપવા માટે નીકળ્યા હતા. કાર (સ્વીફ્ટ ડીઝાયર-એમએચ-૦૪-ડીએન-૯૯૭૫)એટલી ઓવરસ્પીડ હતી કે, તેનું ટાયર ફાટતા કાર રેલિંગ સાથે અથડાઈને એક્સપ્રેસ હાઈવે પરથી ૨૦ ફૂટ નીચે ખાબકી હતી. જેથી કારમાં સવાર પાંચમાંથી ચારના ઘટનાસ્થળે મોત નીપજ્યા હતા. જ્યારે એકને ગંભીર ઈજાઓ થઈ હતી. ઘટનાની જાણ થતા નડિયાદ ફાયર બ્રિગેડ અને પોલીસ કાફળો ઘટનાસ્થળે પહોંચી આવ્યો હતો. અકસ્માતનો ભોગ બનેલા યુવકોના મૃતદેહ અને ઈજાગ્રસ્ત એક વ્યકિતને નડિયાદની હોસ્પિટલમાં ખસેડાયા હતા. પોલીસને ઘટનાની જાણ થતાં તાત્કાલિક ત્યાં પહોંચી વધુ તપાસ હાથ ધરી હતી.

# ગેનીબહેનના પુત્રના લગ્નમાં શંકર ચૌધરી-અલ્પેશ ઉપસ્થિત

## લોકસભા પરિણામ બાદ અલ્પેશ ઠાકોર ભાજપમાં જોડાય તેવી અટકળો વધુ તીવ્ર : બંનેના ફોટા પણ વાયરલ થયા

ગાંધીનગર,તા. ૧૦

કોંગ્રેસ સાથે છેડો ફાડ્યા બાદ હવે અલ્પેશ ઠાકોરના ભાજપના નેતાઓ સાથેના ફોટા વાઈરલ થઈ રહ્યાં છે. ત્યારે ભાજપના પૂર્વમંત્રી શંકર ચૌધરી અને અલ્પેશ ઠાકોર એક સાથેના ફોટા પણ સોશિયલ મીડિયામાં વાઈરલ થયા છે. પ્રાપ્ત માહિતી મુજબ, વાવની ધારાસભ્ય ગેનીબેન ઠાકોરના પુત્રના ભાભરના તનવાડ ગામે લગ્ન યોજાયા હતા. જ્યાં શંકર ચૌધરી અને અલ્પેશ ઠાકોરની ઔપચારિક મુલાકાત થઈ હતી. બંને નેતાઓની મુલાકાતને લઈ ફરી એકવાર રાજકારણ ગરમાયુ છે. ખાસ કરીને લોકસભા ચૂંટણીના પરિણામો બાદ અલ્પેશ ઠાકોર ભાજપમાં જોડાય તેવી અટકળો ફરી એકવાર તેજ બની છે. રાધનપુરના ધારાસભ્ય અલ્પેશ ઠાકોરે લોકસભા ચૂંટણી પહેલા અન્યાય થતો હોવાનું કહીને કોંગ્રેસ સાથે છેડો ફાડી દીધો હતો. તાજેતરમાં તા.૬ઠ્ઠી મેએ શહેરના રાણીપમાં અલ્પેશ ઠાકોરે તેના નવા ઘરનું વાસ્તુ પૂજન કર્યું હતું. તેમાં ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજા અને ભાજપના પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણી સહિતના નેતાઓ હાજર રહ્યા હતા. આ નેતાઓ સાથે અલ્પેશ ઠાકોરની તસવીરો સોશિયલ મીડિયામાં વાઈરલ થઈ હતી. સાથે જ વાસ્તુ પૂજન કરી ભાજપના નેતાઓની હાજરીમાં ગૃહ પ્રવેશ કર્યો હતો. તેના ગૃહ પ્રવેશ સાથે હવે તેના ભાજપ પ્રવેશનો રસ્તો પણ સાફ થઈ ગયો હોવાનું ચર્ચાએ જોર પકડયું છે. દરમ્યાન હવે વાવના કોંગ્રેસના ધારાસભ્ય ગેનીબેન ઠાકોરના પુત્રના લગ્નમાં ભાજપના શંકર ચૌધરી અને અલ્પેશ ઠાકોરની ઔપચારિક મુલાકાતને લઈ રાજકારણમાં ભારે ચર્ચા ચાલી રહી છે.

બંનેના એક સાથે બેઠા હોવાના ફોટા વાયરલ થતાં અલ્પેશ ઠાકોર લોકસભા ચૂંટણીના પરિણામો બાદ ભાજપમાં જોડાય તેવી ચર્ચાઓ જોરશોરથી શરૂ થઈ છે. અગાઉ અલ્પેશ ઠાકોરને મંત્રી પદની ઓફર થઈ હોવાની વાતો વહેતી થઈ હતી, તેવી જ રીતે ફરી અટકળો તેજ થઈ છે કે પરિણામ બાદ વિજય રૂપાણી પરિણામ મંત્રીમંડળનું વિસ્તરણ કરી અલ્પેશનો પણ મંત્રીમંડળમાં કરે તેવી શક્યતા છે. નવા ઘરના વાસ્તુપૂજન સમયે અલ્પેશે જણાવ્યું હતું કે, સીએમ વિજય રૂપાણી, પ્રદીપસિંહ જાડેજા અને જીતુ વાઘાણી મારા સારા મિત્રો છે. મારા ઘરે નાની પૂજા રાખી હોવાથી મેં પ્રદીપસિંહ અને જીતુભાઈને આમંત્રણ આપ્યું હતું. બંને નેતાઓ મારા ઘરે હાજર રહ્યા હોવા અંગે મીડિયા જે અર્થઘટન કાઢવું હોય એ કાઢી શકે છે. ભાજપના બંને નેતાઓ તેના ઘરે હાજર રહ્યા તે બદલ અલ્પેશ ઠાકોરે આભાર પણ વ્યકત કર્યો હતો.



સે-૧ સ્થિત મહાકાલેશ્વર મંદિર ખાતે નવદુર્ગા મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા નિમિત્તે આજે હવન અને પૂજા સાથે પૂર્ણાહુતિ થઈ હતી. જેમાં મોટી સંખ્યામાં ભાવિકોએ ભાગ લીધો હતો.

# રાજકોટ બાદ અમદાવાદમાં પણ પબજી પર પ્રતિબંધ દુર

ગાંધીનગર,તા.૧૦

રાજકોટમાં પબજી ગેમ રમવા પર પ્રતિબંધ મુકાવાનો મામલો હાઈકોર્ટમાં પહોંચ્યો હતો. જેમાં પબજી ગેમ પર પ્રતિબંધ લાદતું જાહેરનામું પોલીસે પરત ખેંચાતા હાઈકોર્ટમાં પિટિશનનો નિકાલ થયો હતો અને પબજી ગેમ રમવા પર લીલીઝંડી મળી ગઈ હતી. રાજકોટમાં પ્રતિબંધ હટાવાયા બાદ અમદાવાદમાં પબજી ગેમ રમતા રસિયાઓમાં એક અવઢવ ઊભી થઈ છે કે, અમદાવાદમાં પણ પ્રતિબંધ ચાલુ છે કે કેમ? પરંતુ પબજી ગેમના ચાહકો માટે આનંદની વાત છે કે, હવે અમદવાદમાં પણ પબજી પરનો પ્રતિબંધ હટી ગયો છે. અમદાવાદ શહેર પોલીસ કમિશનર એ.કે.સિંઘે માર્ચ મહિનામાં જાહેરનામુ બહાર પાડીને પબજી ગેમ રમવા પર એક મહિના સુધી રોક લગાવી હતી. પબજી ગેમ પર રોક લગાવતું જાહેરનામુ રીન્યુ નહીં કરતા એપ્રિલ મહિનાથી પબજી પર કોઈ પ્રતિબંધ નથી.

પબજી ગેમથી બાળકો અને યુવાનોમાં હિંસક વૃત્તિનું પ્રમાણ વધતું હોવાથી પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. જ્યારે પબજી ગેમ અંગે બાળકો વધુ રસ દાખવતાં હોવાથી તેની અસર બાળકોના અભ્યાસ પર પણ પડી રહી હતી. આ અંગે વાલીઓ પણ બાળકોના અભ્યાસને લઈને ચિંતીત હતા જેને લઈને રાજકોટ, સુરત, અમદાવાદ સહિતના શહેરોમાં પોલીસ કમિશનર દ્વારા બાળકોના હિતમાં નિર્ણય લઈને પબજી ગેમ પર પ્રતિંબધ મુક્યો હતો. ગત માર્ચ મહિનામાં અમદાવાદના પોલીસ કમિશ્નર એ.કે.સિંઘે પબજી ગેમ પર પ્રતિંબધ લગાવવા માટેનું જાહેરનામું બહાર પાડ્યુ હતું. પોલીસ કંટ્રોલરુમના ડીસીપી વિજય પટેલે જણાવ્યું હતું કે, જાહેરનામું રિન્યૂ નહીં કરાતાં પબજી પર લગાવેલો પ્રતિંબધ હટી ગયો છે. જેને પગલે પબજી ગેમના ચાહકોને ખુશીના સમાચાર મળ્યા છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧